ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# વનતંત્ર ૫ હજાર મણ સુકા જલાઉ લાકડાની ટુંકમાં હરાજી કરશે

## વર્ષ દરમિયાન જમીનદોસ્ત થયેલા તેમજ સુકા જોખમી વૃક્ષોના લાકડાની હરાજી કરવામાં આવે છે

ગાંધીનગર તા ૨૫

હરિયાળી વનરાજીથી નિખરતા ગાંધીનગર શહેરમાં સુકા અને જોખમી વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે સુકા અને જોખમી વૃક્ષો દુર કરવા માટે વનતંત્ર દ્વારા જોખમી વૃક્ષોનુ માર્કીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. સુકા અને નડતરરૂપ વૃક્ષો સહીત શહેરમાં જમીનદોસ્ત થયેલા વૃક્ષાના લાકડાની હરાજી કરવા માટે વનતંત્ર દ્વારા ટુંકમાં જ પ્રક્રીયા હાથ ધરાશે. વનતંત્ર દ્વારા અંદાજિત ૫ હજાર મણ લાકડાની હરાજી કરાશે.

વનવિભાગ દ્વારા વર્ષ દરમિયાન લાકડાની હરાજી કરવામાં આવે છે. લાકડાની ઉપલબ્ધિ મુજબ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. શિયાળાની કડકડતી ઠંડીના દિવસામાં જલાઉ લાકડાની વિશેષ માંગ હોય છે. જયારે નગર તેમજ આસપાસના ગ્રામજનોની આ માંગને ધ્યાને લઈ પ્રતિવર્ષ વનતંત્ર દ્વારા જલાઉ લાકડાની હરાજી કરવામાં આવે છે. વર્ષ દરમિયાન જમીનદોસ્ત થયેલા વૃક્ષાનુ લાકડાનુ હરાજીમાં વેચાણ થાય છે. આ ઉપરાંત શહેરમાં સુકા વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે જયારે સુકા વૃક્ષો દુર કરવા માટે પણ વનતંત્ર દ્વારા સમયાંતરે માર્કીંગ કરી કટોતી કરવામાં આવે છે.નગરમાં હાલ પણ સુકા વૃક્ષોનો સર્વે હાથ ધરાયો છે. જયારે હાલ નવા સચિવાલયના સંકુલમાં પણ ૩૮ જેટલા સુકા વૃક્ષો હોવાનુ ધ્યાને આવ્યા બાદ આ જોખમી વૃક્ષો દુર કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. વનતંત્રને સેકટરવાસીઓ દ્વારા નડતરરૂપ વૃક્ષો દુર કરવા માટે પણ રજુઆત કરવામાં આવતી હોય છે. જયારે આ વૃક્ષો દુર કરવા માટે વનતંત્રને મળેલી અરજીના અન્વયે રજુઆત યોગ્ય જણાંય તો જોખમી અને નમી પડેલા વૃક્ષોની કટોતી કરવા માટે કાર્યવાહી હાથ ધરાય છે.જયારે વર્ષ દરમિયાનની આ કામગીરીના અંતે વનતંત્ર પાસે લાકડાનો સ્ટોક ઉપલબ્ધ થાય છે. જયારે આ જલાઉ લાકડા હરાજીની પ્રક્રીયાના અંતે વેચાણ આપી આવક ઉભી કરવામાં આવે છે. વર્ષ દરમિયાન અંદાજિત બે વખત હરાજીની પ્રક્રીયા હાથ ધરાય છે. આ વર્ષે પણ ટુંકમાં જ સુકા લાકડાની હરાજી કરવામાં આવશે. વનતંત્ર પાસે હાલમાં અંદાજિત ૫ હજાર મણ જેટલા લાકડા છે. ટુંકમાં જ આ લાકડાના જથ્થાની હરાજી કરવા માટે પ્રક્રીયા હાથ ધરાશે.



દુનિયામાં એક માત્ર સંબંધ એવો છે જેને આપણે આપણી ઈચ્છા, મરજી અને રૂચિ અનુસાર જાતે જ ચૂંટીએ છીએ... એ સંબંધ છે મૈત્રીનો...! આ સંબંધો એવા છે જેમાં ક્યાંય નાત-જાત, ધર્મ-જાતિ, ગરીબ-શ્રીમંત કે નાના-મોટાનો ભેદ આવતો નથી. જેની પાસે અઢળક હીતેચ્છુ મિત્રોનો ખજાનો છે તેમને અન્ય કોઈ ધનની જરૂર પડતી નથી. નાનપણમાં બંધાયેલો મૈત્રીનો સંબંધ જો આજીવન સચવાઈ રહે, ટકી રહે તો તેના જેવી ઉત્તમ કૃપા બીજી કોઈ નથી. સચિવાલય નજીકથી પસાર થતી આ મિત્ર ટોળકી અનાયાસે જ કેમેરાની આંખે કંડારાઈ ગઈ... તસ્વીરને સમજવા માટે ઘણા એન્ગલથી વિચારી જોયુ... જો કે ઘણી મથામણ બાદ અંતે તો આ ત્રણેય બાંધવો વચ્ચેની મૈત્રી ઉડીને આંખે વળગે છે... બસ આપણે તો આ તસ્વીર જોઈ એટલી જ પ્રાર્થના કરી શકીએ કે આ ત્રણેય મિત્રોના હૃદયમાં મૈત્રીભાવનું પવિત્ર ઝણું સદાય વહેતું રહે..!

# એનીમલ બાઈટના કિસ્સાઓમાં સારવારની પદ્ધતિ માટે સૂચનાઓ

## આરોગ્ય વિભાગના અધિક નિયામક દ્વારા જિલ્લા આરોગ્ય વિભાગોને વિસ્તૃત સુચનાઓ અપાઈ

ગાંધીનગર, તા. ૨૫

રાજ્યના અધિક આરોગ્ય નિયામકશ્રીએ એનીમલ બાઈટના કિસ્સાઓમાં સારવારને લઈ ખાસ માર્ગદર્શન સૂચનાઓ આપી તંત્રને ગંભીરતાથી દિશામાં અમલ કરવાની સૂચનાઓ આપી છે.

અધિક આરોગ્ય નિયામક પરેશ દવેએ તમામ જિલ્લાના આરોગ્ય અધિકારીઓને પત્ર લખી વિસ્તૃત સૂચના આપી છે. એટલુ જ નહિ આના કેસોમાં બાઈટથી થયેલી ઈજાનું પણ ત્રણ કેટેગરીમાં વિભાજન કરી અને તેનો ઉલ્લેખ કેસ પેપરમાં પણ કરવાની સૂચના આપી છે.

આ માર્ગદર્શન સૂચનાઓમાં હોસ્પિટલ-આરોગ્ય કેન્દ્રમાં એન્ટી ટેબીઝ કોર્નર તેમજ ટેપવૉટરની સુવિધા ફરજીયાત ઉપલબ્ધ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવે તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

પ્રજામાં કરડવાના ઘા પર છીંકણી, મરચુ, હળદર, મીઠુ

**કરડવાના ઘા પર છીંકણી, મરચુ, હળદર, મીઠુ જેવા પદાર્થો લગાડવાની પદ્ધતિ બિન જરૂરી અને નુકશાનકર્તા**

જેવા પદાર્થો લગાડવાની પદ્ધતિ બિન જરૂરી અને નુકશાનકર્તા હોઈ આવી પદ્ધતિઓ ન અપનાવવા અંગે લોકોને આરોગ્ય શિક્ષણ આપવા પર ભાર મુકવામાં આવ્યો છે.

ત્રણ પાનાના આ વિસ્તૃત પત્રમાં એનીમલ બાઈટના દિવસને '૦' દિવસ ગણવાને બદલે જે દિવસે પ્રથમ ડોઝ આપેલ હોય તેને '૦' દિવસ ગણવામાં આવે તેમ પણ જણાવ્યુ છે.

સગર્ભા માતા, ધાત્રી માતા, નાના બાળક કે મોટી વયના વ્યક્તીઓને એનીમલ બાઈટના કેસોમાં ટી.સી.એ.આર.વી. આપવુ નુકશાનકારક નથી આથી તેઓને પણ આ રસી તાત્કાલિક આપવા માટે જણાવાયુ છે.

શિયાળાની શરૂઆત થતાં જ રાજ્યભરમાં એનીમલ બાઈટના કેસો આવવાના શરૂ થઈ ગયા છે તેથી તંત્રએ આ પત્ર લખી જિલ્લાતંત્રને માર્ગદર્શન આપતી સૂચનાઓ જારી કરી છે.

# સેકટરોના આંતરિક માર્ગો પર માટીના થર જામ્યા

## સે-૩ :૬ ની ચોકડી પાસે છેલ્લા ૬ મહીનાથી માટીના ઢગ ખડકાયા છે ખોદકામના અંતે પણ માટીપુરાણ થતુ નથી સેકટરમાં પ્રવેશવાનો રસ્તો પણ બંધ આસપાસના રહેણાંક વિસ્તારમાં ઉડતી ધુળથી સ્થાનિકો ત્રાહીમામ





ગાંધીનગર તા ૨૫

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી અન્વયે આડેધડ ખોદકામ થઈ રહ્યુ છે. ખોદકામ દરમિયાન સ્થળ પરથી પસાર થતી ટેલીફોન તેમજ પાણીના જોડાણ સહીતની લાઈનો પણ તુટી જાય છે. સે-૩ :૬ ની ચોકડી પાસે સે- ૬ માં જવાના પ્રવેશદ્વાર પાસે છેલ્લા ૬ મહીનાથી માટીના ઢગ ખડકાયેલા છે. સે-૬ માં જવાનો માર્ગ પણ વન વે છે. જયારે આંતરિક રસ્તા પર માટીના થર જામ્યા છે. જેના લીધે આસપાસ રહેતા સ્થાનિકો પણ ત્રાહીમામ પોકારી ગયા છે. છેલ્લા ૬ મહીનાના અંતે પણ ખડકાયેલા માટીના ઢગ દુર કરાયા નથી જેના લીધે સ્થાનિક રહીશોએ જોખમી સ્થિતિ વચ્ચે પારાવાર હાલાકી વેઠવી પડે છે.

શહેરમાં સ્ટોર્મ વોટર લાઈન નાંખવાની કામગીરી અન્વયે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. વરસાદી દિવસો અગાઉથી હાથ ધરાયેલી આ ખોદકામગીરીના અંતે શહેરની ફુટપાથમાં પણ મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત સેકટરમાંથી પસાર થતી પાણી ગટરની લાઈન ઉપરાંત ટેલીફોનના કેબલો પણ કટ ઓફ થતા સ્થાનિક રહીશો માટે પારાવાર હાલાકી વેઠવી પડે છે. તંત્ર દ્વારા આડેધડ ખોદકામ કરવામાં આવે છે. તેની સાથે યોગ્ય

● અનુસંધાન પાના - ૭ પર

# મુખ્યમંત્રીના કાર્યક્રમમાં સંગઠ્ઠન-ચૂંટાયેલી પાંખની ઓછી હાજરી

ગાંધીનગર, તા. ૨૫

આજે ગાંધીનગર શહેરમાં શાળા-આરોગ્ય ચકાસણી અભિયાનનો આરંભ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કરાવ્યો હતો. આ કાર્યક્રમમાં ચુંટાયેલી પાંખ અને સંગઠ્ઠનના અગ્રણીઓની મોટી સંખ્યામાં અનુપસ્થિતિ જોઈ મુખ્યમંત્રી ચોંકી ઉઠ્યા હતા.



તેઓએ પણ કાર્યક્રમમાં પ્રવચન પણ ટુંકમાં જ પૂર્ણ કરી દઈ અને પોતાની નારાજગીની અભિવ્યક્તિ કરી હતી.

મુખ્યમંત્રી રૂપાણી ગાંધીનગર શહેરના કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હોય ત્યારે સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખના સભ્યો હાજર રહેતા હોય છે પરંતુ આજે ઘણી ઓછી સંખ્યા હતી.

શહેર-જિલ્લામાં સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખના સભ્યો વચ્ચે સુયોગ્ય સંકલન માટે આગામી દિવસોમાં સૂચનાઓ અપાશે તેમ મનાઈ રહ્યું છે.

આજના કાર્યક્રમમાં પાંચ જેટલા કાઉન્સીલરો હાજર રહ્યા હતા. તો સંગઠ્ઠનના હોદ્દેદારોની સંખ્યા પણ ઘણી ઓછી જોવા મળી હતી.

# જિલ્લાના બે અધિકારીઓની બદલીના હુકમો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના બે મહત્વના અધિકારીઓની બદલીના હુકમો આજે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જી.બી. બ્રહ્મભટ્ટની બદલી પ્રવાસન નિગમના મેને. ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. જો કે આ મહત્વની જગ્યા પર હજુ કોઈ નવી નિમણુંક આપવામાં આવી નથી.

આ ઉપરાંત ગાંધીનગર શહેરના ચીફ ટાઉન પ્લાનર પી.એસ. શર્માની બદલીના હુકમો આજે કરવામાં આવ્યા છે. શર્માને જી.આઈ.ડી.સી. મુકવામાં આવ્યા છે. સામાન્ય વહીવટ વિભાગે રજીસ્ટ્રાર કો.ઓ. ગાંધીનગર તરીકે ફરજો બજાવતા સનદી અધિકારી બી.એ. શાહને વધારાનો ચાર્જ સોંપવા જણાવ્યુ છે. ચીફ ટાઉન પ્લાનર તરીકે સનદી સેવાના અધિકારીને પ્રથમવાર વધારાનો ચાર્જ સોંપવામાં આવી રહ્યો છે. જે મુદો સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

# પંચાયતીરાજમાં ભિન્ન-ભિન્ન નીતિ સામે દિનેશજીનો રોષ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં પંચાયતીરાજના ચૂંટાયેલા સભ્યોમાં તાલુકા અને જિલ્લાના સભ્યો વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો હોવાનો ગંભીર આક્ષેપ મહિલા બાળવિકાસ સમિતિના ચેરમેન દિનેશજી ઠાકોરે કર્યો છે.

એક તરફ સરકાર સ્વભંડોળ, રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી સભ્યોને બાંકડા મુકવા નહી તેવો પ્રતિબંધ જિલ્લા પંચાયતના સભ્યો પર લાદી રહી છે જ્યારે ગાંધીનગર તાલુકા પંચાયતના પ્રમુખ દ્વારા ૨૦૧૮-૧૯ની ગ્રાન્ટમાંથી ગ્રામ્ય વિસ્તારમાં બાંકડા મુકી રહ્યા છે.

આ પ્રકારનો ભેદભાવ કેમ રાખવામાં આવી રહ્યો છે તે સમજાતુ નહિ હોવા અંગે તેમણે પંચાયત પ્રમુખને પણ ઉગ્ર રજુઆત કરી હતી. તેઓ હવે આ મુદ્દે જિલ્લા વિકાસ અધિકારીને પણ પત્ર લખી આ વિરોધ નોંધાવશે તે બહુ જ સ્પષ્ટ છે. તેમણે કહ્યુ કે ભાજપની રાજ્ય સરકાર ભાજપ જ્યાં સત્તા પર હોય ત્યાં જુદી નીતિ અને કોંગ્રેસ શાસિત પંચાયતો માટે જુદી નીતિ અમલમાં મુકી રહી હોવાનો રોષ વ્યક્ત કર્યો હતો.




અજાણ્યા આગંતુકો માટે ગાંધીનગર ભૂલભલામણી જેવુ છે. નંબર અને અક્ષરોના નામથી ઓળખાતા માર્ગો અને સેક્ટરોની એક જેવી રચના અજાણ્યાઓને ગોટાળે ચઢાવે છે. આવા સ્માર્ટ ફોન વિનાના અજાણ્યા પ્રવાસીઓ માટે શહેરમાં ઠેર ઠેર મુકાયેલા સાઈનબોર્ડ જ એક સહારો બની રહે છે. જો કે કમનસીબી એ વાતની છે કે આ દિશાસૂચન, માર્ગસૂચન બોર્ડની જાળવણી યોગ્ય રીતે થતી નથી. ઘણી જગ્યાએ આવા બોર્ડ તુટેલી હાલતમાં જોવા મળે છે..!



સે-૨૬ કિસાનનગર સોસાયટીમાં ધાર્મિક હેતુ માટે ૬૦૦ મીટર જેટલી જગ્યા ફાળવવામાં આવી છે. સ્થાનિક અગ્રણીઓની માંગણી સ્વીકારી જમીનની ફાળવણી કરાતા સે-૨૬ કીસાનનગર વસાહત મંડળના પ્રમુખ એસ એસ પટેલના નેજા હેઠળ શહેર ભાજપ પ્રમુખ , વસાહત મંડળના નટવરભાઇ ચૌધરી, રાજેન્દ્રસિંહ ગોલ, વિષ્ણુભાઇ ચૌધરી, ગજેન્દ્રસિંહ ચાવડા,નિરંજનભાઇ કનુભાઇ પ્રજાપતિએ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને શાલ ઓઢાડી આભારની લાગણી વ્યકત કરી હતી.

# ગુજરાતમાં સંશોધન-વિકાસ માટેની સિસ્ટમ વ્યાપક બની

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વડોદરાના સાવલી નજીક લસુન્દ્રામાં જેડીએમ રિસર્ચના સંશોધન અને વિકાસ કેન્દ્રનું લોકાર્પણ કરતાં સ્પષ્ટ મત વ્યકત કર્યો કે રાજ્યમાં સંશોધન અને વિકાસની ઈકો સીસ્ટમ વ્યાપક બની છે. તેમણે કહ્યું કે, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને વેગ આપતાં ગુજરાતે લઘુ-મધ્યમ ઊદ્યોગો માટે પહેલા પ્રોડકશન પછી પરમિશનનો નવતર અભિગમ પણ અપનાવ્યો છે. મુખ્યમંત્રીએ ગુજરાતના સર્વગ્રાહી-સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટની વિશ્વ ખ્યાતિની ભૂમિકા આપતાં કહ્યું કે, વિકાસની બાબતમાં ગુજરાતનો વિકલ્પ માત્ર ગુજરાત જ છે. જેડીએમ રીસર્ચના રૂપમાં ગુજરાતને વિશ્વકક્ષાનું સંશોધન અને વિકાસનું કેન્દ્ર મળતાં ગુજરાતના તાજમાં નવું પીંછું ઉમેરાયું છે અને અહિં ઉચ્ચકક્ષાનું સંશોધન ઉદ્યોગની સાથે ખેતીવાડીને પણ પ્રોત્સાહિત કરશે તેવી અપેક્ષા મુખ્યમંત્રીએ વ્યકત કરી હતી. આ કેન્દ્ર રસાયણ દવાઓ, પાકની સુરક્ષા માટેના ઔષધો, સ્પેશ્યાલીટી કેમિકલ અને તબીબી ઉપકરણો ઈત્યાદિમાં નવા સંશોધન અને વિકાસની વિશ્વ કક્ષાની સુવિધાઓ ધરાવે છે. મુખ્યમંત્રીએ આનંદ વ્યકત કરતાં જણાવ્યું કે એશિયાના સૌથી મોટા સંશોધન અને વિકાસ કેન્દ્રોમાં આ સુવિધાનો સમાવેશ થાય છે અને તેના પગલે ગુજરાતનું નામ સંશોધન અને વિકાસના ચિત્રના નકશામાં ઉમેરાયું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.
હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)
જુના દાગીનાનું પુરૂ વળતર
N. C. Zaveri (શેરથાવાળા)
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com